Media Coverage

Tata Power launches a Primary School for Employees' children at Mundra

Vavad

# ટાટા પાવર દ્વારા મુંદ્રામાં કર્મચારીઓના બાળકો માટે પ્રાથમિક શાળા શરુ કરાઈ

## ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો

[illegible]

Kutch Mitra

# કર્મચારીઓના બાળકો માટે ટાટા પાવર દ્વારા મુંદરામાં નવી શાળાનો પ્રારંભ

મુંદરા, તા. ૧૯ : ટાટા પાવર તેના કાર્યક્ષેત્ર આસપાસ વસતા સમુદાયના બાળકોની શૈક્ષણિક સુવિધામાં વધારો થાય તે માટે પ્રયત્નશીલ રહે છે. આવા જ એક પ્રયાસના ભાગરૂપે ટાટા પાવર ૪૦૦૦ મેગાવોટ મુંદરા યુએમપીપીની ૧૦૦ ટકા માલિકીની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) દ્વારા કેલોરેક્સ પબ્લિક સ્કૂલના સહયોગથી મુંદરાના બાળકો માટે પ્રાથમિક શાળાનો પ્રારંભ કરાયો છે.

આ શાળા દ્વારા ટાટા પાવરના ૪૦૦૦ મેગાવોટના મુંદરા પ્લાન્ટમાં કાર્યરત કર્મચારીઓના બાળકોને શિક્ષણ આપવાની કામગીરી શરૂ કરી દેવાઇ છે. હાલમાં આ શાળાના કેટલાક ભાગની કામગીરી ચાલી રહી છે. શાળામાં પ્લેગ્રુપ નર્સરીથી લઇને ધોરણ-૩ સુધીના એમ કુલ ૭૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટે પ્રવેશ અપાયો છે. સંપૂર્ણ કામગીરી પત્યા બાદ શાળામાં ૧૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. આ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ મળી રહે તે માટે ૯ શિક્ષકોની ભરતી કરાઇ છે.

આ પ્રસંગે બોલતાં મુંદરા પ્રોજેકટના ઇડી અને સીઇઓ કે. કે. શર્માએ જણાવ્યું કે, ટાટા પાવર ખાતે કર્મચારીઓની તથા તેમના પરિવારની વિશેષ કાળજી રખાય છે. આ શાળા શરૂ કરવાનો મૂળ હેતુ કર્મચારીઓના બાળકોને ઉત્તમ શિક્ષણ પૂરું પાડી તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનો છે.

Kutch Uday

# ટાટા પાવર દ્વારા મુન્દ્રામાં કર્મચારીઓના બાળકો માટે પ્રાથમિક શાળા શરૂ કરાઈ

મુન્દ્રા : ભારતની સૌથી મોટી સંકલિત પાવર કંપની ટાટા પાવર તેની કામગીરીની આસપાસ વસતા સમુદાયના બાળકોની શૈક્ષણિક સુવિધામાં વધારો થાય તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. આવા જ એક પ્રયાસના ભાગરૂપે ટાટા પાવર ૪૦૦૦ મેગાવોટ મુન્દ્રા યુએમપીપીની ૧૦૦ ટકા માલીકીની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ

## ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ૭૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો

(સીજીપીએલ) દ્વારા કેલોરેક્સ પબ્લિક સ્કુલના સહયોગથી મુન્દ્રાના બાળકો માટે પ્રાથમિક શાળાના પ્રારંભ કરાયો છે.

આ શાળા દ્વારા ટાટા પાવરના ૪૦૦૦ મેગાવોટના મુન્દ્રા પ્લાન્ટમાં કાર્યરત કર્મચારીઓના બાળકોને શિક્ષણ આપવાની કામગીરી શરૂ કરી દેવાઈ છે. કંપનીની આ પહેલ પોતાના કર્મચારીઓની કાળજી રાખવાના ટાટા પાવરના સિદ્ધાંતને દર્શાવે છે. હાલમાં આ શાળાના કેટલાંક ભાગની કામગીરી ચાલી રહી છે. શાળામાં પ્લેગ્રૂપ નર્સરીથી લઈને ધોરણ-૩ સુધીના એમ કુલ ૭૦ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ માટે પ્રવેશ અપાયો છે. સંપૂર્ણ કામગીરી પત્યા બાદ શાળામાં ૧૫૦ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે. આ વિદ્યાર્થીઓને ગુણવતાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે ૯ ક્વોલિફાઈડ શિક્ષકોની ભરતી કરાઈ છે.

આ પ્રસંગે બોલતા મુન્દ્રા પ્રોજેકટના ઈડી અને સીઈઓ કે.કે.શર્માએ જણાવ્યું કે ટાટા પાવર ખાતે અમે આમારા કર્મચારીઓની તથા તેમના પરિવારની વિશેષ કાળજી રાખીએ છીએ. આ શાળા શરૂ કરવાનો મૂળ હેતુ કર્મચારીઓના બાળકોને ઉત્તમ શિક્ષણ પૂરૂં પાડી તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવવાનો છે. આ પહેલ કર્મચારીઓની કાળજી રાખવાની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે.